ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૫-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ‘હિંદી–ચીની ભાઈ–ભાઈ’નું પોઝિટિવ પુનરાવર્તન?

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વતનમાં ગામ વડનગર ખાતે કીર્તિતોરણ નજીક ખોદકામ કરતાં વિશાળ નગર મળી આવ્યું છે, જે ૨ ૨૦૦ થી ૨ ૩૦૦ વર્ષ પહેલાંનું હોવાનું મનાય છે. ચીની પ્રવાસી હ્યુ-એન-સંગે ભારતના પ્રવાસ દરમિયાન વડનગરની પણ મુલાકાત લીધી હોવાનો ઉલ્લેખ મળે છે. અહીં હજારો બૌદ્ધ સાધુઓ રહેતા હોવાનો એનાં યાત્રાવૃત્તોમાં ઉલ્લેખ થયેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનું આ બૌદ્ધ કનેકશન ચીનની સરકાર અને પ્રજા સાથે શૅર કરવાનો ઈરાદો ધરાવે છે. જો કે ચીનની જિન-પિંગ સરકારને એ સાંસ્કૃતિક સંદર્ભો કેટલા અનુકૂળ આવશે તે કળવું મુશ્કેલ છે. વડાપ્રધાન અહીંની ચીની પ્રમુખને ભેટ આપવા સારું ‘બોધિવૃક્ષ’ લઈ જવાના છે. ચીનને બોધિવૃક્ષમાં કેટલો રસ પડશે તે આગામી સમય જ કહી શકશે. ચીની પ્રમુખ મોદીના જન્મદિવસે અમદાવાદ આવ્યા હતા. મોદી એમની સરકારની પહેલી વર્ષગાંઠ ચીનમાં ઊજવી રહ્યા છે. ચીનને નહીં ગમતાં મોંગોલિયાની અને દ. કોરિયાની પણ મુલાકાત લેવાના છે. ચીન સાથે સમાધાનકારી ઉપરાંત આ ચીમકીભર્યા અભિગમથી ચીનને કેવો સંદેશ સાંપડશે, તે સમય જ કહેશે. પંડિત નહેરુ પણ મોદી જેવા જ સહૃદય રાજપુરુષ હતા. એમના પંચશીલ રુપી ઉપહાર સામે તત્કાલીન ચીની સર્વેસર્વા ચાઉ એન લાઈએ કેવો અભિગમ પાઠવેલો, તે સર્વિવિદત છે. નહેરુને ‘હિંદી ચીની ભાઈ-ભાઈ’ જેવાં સૂત્રોથી આવકારવામાં આવ્યા અને પછી ધીમે રહીને પીઠ પાછળ ખંજર મારી દેવાયું. ૧૯૬૨માં હિમાલય સળગી ઊઠ્યો હતો. ચીની લશ્કર ભારતીય સેના પર ભારે સાબિત થયું હતું. હજારો ચોરસ કિ.મી. ભારતીય ભૂમિ પર ચીને કબજો જમાવી દીધો હતો. તત્કાલીન અમેરિકી પ્રમુખ કેનેડીએ લાલ આંખ ન કરી હોત તો કદાચ ચીને ભારતનાં સીમાવર્તી પહાડી રાજયો પર એનો વાવટો ફરકાવી દીધો હોત. ચીનની આ વિસ્તારવાદી પ્રકૃતિથી દુનિયા આખી વાકેફ છે. એથી કોઈ એનો વિશ્વાસ કરવા તૈયાર થતું નથી. ચીની ડ્રેગન કયારે એની લબકારા લેતી જીભ બહાર કાઢશે એ કળી શકાતું નથી. એણે ભારતની કે દુનિયાના લોકશાહી દેશોની નામરજી છતાં તિબેટને અને તાઈવાનનો કોળિયો કરી દદો છે. ભારત પાસેથી ૧૯૬૨માં તફડાવેલો અક્ષય ચીન કે ભારતનાં અરુણાચલ અને લેહ-લડાખ જેવા પ્રદેશોમાં એ સતત ઘુસણખોરી કરતું રહ્યું છે. નરેન્દ્ર મોદી પણ આ બધું જાણે છે. ચીન ભારતના દુશ્મન રાષ્ટ્ર તરીકે પાકિસ્તાનને હરહંમેશ લશ્કરી સહાય કરતું રહ્યું છે. બદલામાં એણે પાકિસ્તાન પાસેથી કરાંચી નજીક આખેઆખું ગ્વાદર બંદર અભરામ નંદાવે લખાવી દીધું છે. ભારતની સરહદ પર જ પાકા ધોરી માર્ગો બની ચૂક્યા છે. જયાં ચીનનાં લશ્કરી વાહનો ખડકાઈ ગયા છે. આવી વિકટ વાસ્તવિકતા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન સાથે વેપાર-વણજ અને વિકાસના મુદ્દે વાટાઘાટો યોજવા પહોંચી ગયા છે. સાથે ગુજરાતનાં મુખ્યમંત્રી સહિત અનેક ઉદ્યોગપતિઓ અને ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ પહોંચી ગયું છે. જે ઢબે મોદીએ ચીની પ્રમુખને દિલ્હીને બદલે બારોબાર અમદાવાદ બોલાવ્યા હતા, એ જ શૈલીમાં ચીની યજમાને એમને જૂના રાજવંશોની ઐતિહાસિક નગરી શિયાંગ ખાતે ભારતીય વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત યોજ્યું છે. ચીનમાં રહેતો ભારતીય સમુદાય આશાવાદી હોય તે સ્વાભાવિક છે. અમેરિકાને ભારત-ચીન એકમેકની નજીક આવે તે નથી ગમતું, છતાં એ મોદી-જિનપિંગ વચ્ચેની દોસ્તી અટકાવી શકે એમ નથી. છેલ્લાં વર્ષોમાં ચીન ઘણું બદલાયું છે. એ મોટી આર્થિક સત્તા તરીકે ભારત સાથે મધુર સંબંધો સ્થાપવા આતુર છે. ચીન ભારતમાં બજાર શોધે છે, એટલે કદાચ સરહદની સમસ્યા, નજરઅંદાજ કરશે, એ મુદ્દે ખોટા આશ્વાસનો પણ આપશે. પરંતુ ચીની મીડિયાએ મોદીને ‘ચાલબાજ’ નેતા ગણાવીને એ ચીનમાં પગ મૂકે તે પહેલાં જ પોતાની જાત તો પરખાવી દીધી જ છે. ચીન બધાને પોતાની શરણો પર જ સંબંધો વિકસાવવા મજબૂર કરતું રહ્યું છે. ચીનને પોતાની ભાષા, સંસ્કૃતિ અને શાસનપદ્ધતિ પર ગર્વ છે. વેપાર ક્ષેત્રે એણે ભારતના અંતરિયાળ ગામડા સુધી પગપેસરો કર્યો છે પરંતુ એની સામે ભારતને એણે ચીનમાં ઝાઝો વેપાર કરવા દીધો નથી. મોદી મૂળે વેપારી કોમના માણસ છે એટલે એ મુદ્દે એ જરુર કશુંક નક્કર સમાધાન ઈચ્છે છે.

# ગીફ્ટ સીટીમાં મુંબઈની પ્રતિષ્ઠિત જમનાબાઈ નરસી સ્કુલનો પ્રારંભ

## જુન-૨૦૧૫ સુધીમાં નર્સરીથી ધો-૬ સુધી સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે : વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે વિશ્વ સ્તરનું શિક્ષણ અપાશે





ગાંધીનગર, તા.૧૪

નરસી મોનજી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત જમનાબાઈ નરસી સ્કુલનું નિર્માણ ગીફ્ટ સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આજ રોજ ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે જમનાબાઈ નરસી સ્કુલને ખુલ્લી મુકવામાં આવી હતી. ગીફ્ટ સીટી જેવા વ્યુહાત્મક સ્થળે આવેલી જમનાબાઈ નરસી સ્કુલ (સૂચિત આઈસીએસઈ અને આઈજીસીએસઈ) જૂન ૨૦૧૫થી નર્સરી થી ઘોરણ૬ સુધી સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે.

આ -સંગે ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યુ હતું કે, શિક્ષણ એ સરસ્વતીની ઉપાસના કરવાનું માધ્યમ છે, તેના થકી લક્ષ્મીની -ાપ્ત થતી હોય છે પણ લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય જગ્યાએ કરવો તે ખૂબ જરૂરી છે. શિક્ષક એ તંદુરસ્ત સમાજ અને -બળ રાષ્ટ્રના નિર્માણ કરવામાં ખૂબ જ મોટી ભૂમિકા અદા કરી શકે છે. સારી શૈક્ષણિક સંસ્થાઓ બાળકોમાં શિક્ષણ આપવાની સાથે સાથે સારું ચારિત્ર્ય અને સંસ્કારનું સિંચન કરવાનું પણ અનેરુ કામ કરે છે. જેથી ગુજરાત રાજયમાં ચિલ્ડ્રન યુનિવર્સીટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાતના સર્વાંગી વિકાસ માટે તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુણવત્તા યુક્ત શિક્ષણને -ાધાન્ય આપ્યું છે. સર્વાંગી વિકાસ યાત્રાને વધુ ગતિ આપવા માટે રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પણ ગતિશીલ ગુજરાતના અનેરા કાર્યક્રમમાં શિક્ષણ પર સૌથી વધુ ભાર મુક્યો છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, -ાથમિક શિક્ષણના જ્ઞાન દ્વારા જ ઉચ્ચ શિક્ષણનો પાયો બંધાય છે, મને ખાત્રી છે કે, જમનાબાઈ નરસી સ્કુલ ઉચ્ચ ગુણવત્તા ઘરાવતી અને નવિનતા આઘારિત શિક્ષણ પુરૂ પાડીને મોડેલ શિક્ષણ વ્યવસ્થા ઉભી કરશે. માતૃભાષાથી બાળક વિખટું ન પડે તેનું પણ આ શાળા દ્વારા પુરતુ ઘ્યાન રાખી રહી છે, તેનો આનંદ વ્યકત કર્યો હતો. આર્દશ શાળાઓ મૂલ્ય આઘારિત શિક્ષણ આપવાનું ચાલુ રાખશે તો વિકાસના ગુજરાત મોડેલને ગતિશીલતા -ાપ્ત થશે.

સાંસદ શ્રી પરેશ રાવલે જણાવ્યું હતું કે, જમનાબાઈ નરસી સ્કુલ ઈન્ટરનેશનલ કક્ષાના શિક્ષણ સાથે સાથે ગુજરાતી ભાષાને પણ જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરી રહી છે, તેનો આનંદ વ્યકત કરીને શાળાના સ્થાપના અને તેના ટ્રસ્ટીઓની કાર્યશૈલીના ઈતિહાસને દષ્ટાંત પૂર્વક રજૂ કર્યો હતો.

ગીફ્ટ સીટીના ચેરમેન શ્રી સુધીર માંકડે જણાવ્યું હતું કે, -થમ ઈન્ટીગ્રેટેડ સ્માર્ટ સીટી તરીકે વિકસાવાયેલ ગ્લોબલ ફાયનાન્સિયલ હબ ગીફ્ટનું નિર્માણ કરાયું છે. આથી આ સ્થળે સ્કુલ વિકસાવવી તે એક ખૂબ જ મહત્વની સામાજીક -વૃત્તિ છે. આ સીટીમાં દેશભરમાંથી લોકો આવવાના છે. જેથી શિક્ષણના વૈશ્વિક ઘોરણો પૂરાં પાડવા ખૂબ જ જરૂરી હતા. આજે જમનાબાઈ નરસી સ્કુલ ભારતના -થમ સ્માર્ટ સીટીની આ -થમ સ્માર્ટ સ્કુલ બની રહેશે.

નરસી મોનજી એજયુકેશનલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જયરાજ સી. ઠક્કરે જણાવ્યું હતું કે, અમે ગુજરાતમાં અમારા વિદ્યાર્થીઓ માટે વિશ્વસ્તરના શૈક્ષણિક કાર્યક્રમો રજૂ કરવાનો ઉદ્દેશ ઘરાવીએ છીએ, જે એક મોર્ડન એકેડેમિક એક્સેલન્સ બનાવવાની સાથે સાથે તેમને અનુભવ આઘારિત સાંસ્કૃતિક શિક્ષણ પણ પુરું પાડશે. અમે મુંબઈના શિક્ષણ જગતમાં સમૃઘ્ઘ ઈતિહાસનું સર્જન કર્યું છે. અમારા મૂળ વતન ગુજરાતમાં આવીને જ્ઞાનના બીજ વાવવા માંગીએ છીએ

નરસી મોનજી એજયુકેશનલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુજય જયરાજે અઘતન ટેકનોલોજી, કવોલિટી ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે અનોખી સરક્યુલર ડિઝાઈન ઘરાવતી સ્કૂલની રસ-દ વાત કહી હતી. શાળામાં શિક્ષણ સાથે સાથે કલ્ચરલ અને સ્પોર્ટસને કેટલું -ાધાન્ય છે, તેની માહિતી આપી હતી.

કાર્યક્રમના આરંભ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ -સંગે ગાંધીનગર ખાતે નિર્માણ પામેલ જમનાબાઈ નરસી સ્કુલના આચાર્ય શ્રી કવિતા બાજપાઈ સહિત શાળા પરિવાર અને આમંત્રિત મહાનુભાવો ઉપસથિત રહયાં હતાં.

## બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા નોટબુકો-ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા સભ્યોના ધોરણ-૫ અને તેથી ઉપરના વર્ગોમાં અભ્યાસ કરતા બાળકોને વિનામૂલ્યે નોટબુકો તથા ચોપડાનું વિતરણ કરવામાં આવનાર છે. આ વિતરણ દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ દ્વારા કરવામાં આવવાનું હોવાથી તેનો લાભ લેવા રૂ. ૧૦ ભરી રજીસ્ટ્રેશન તા. ૨૨મી મે સુધીમાં કરાવી દેવાનું રહેશે. રજીસ્ટ્રેશન કાર્ય માટે બ્રહ્મભટ્ટ સમાજના મહામંત્રી વી.એન. અજબાણીનો સે. ૩-સી પ્લોટ નં. ૪૬૮/૨ ખાતે સંપર્ક સાધવા જણાવાયુ છે. આ સેવા કાર્યનો લાભ લેવા બ્રહ્મભટ્ટ સમાજના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## હરિની દૃષ્ટિ...




**કેરી કેમીકલથી પકવવા જેવું રહ્યું જ કયાં છે? આ તો, ભૂકંપથી નીચે પડી એના ખાડા છે,... કાળા ડાઘ કરાથી પડયા છે. ગરમી નથી પડી એટલે સાઈઝ નાની છે, અને બહેન, આવા વાતાવરણમાં જીવાત પડે એ તો તમે સમજી જ શકશો...!!**

## બુધ્ધિસ્ટ ટૂરિઝમ સર્કિટના મહત્વપૂર્ણ સ્થળ તરીકે રાજયને પ્રમોટ કરશે-મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તમેના ચાયના પ્રવાસનો પ્રારંભ તા. ૧૫ મી મે-૨૦૧૫ ના બૈજિંગમાં ગ્રેટ હોલ ઓફ પીપલ ખાતે ચીન સરકાર દ્વારા ભારતના પ્રધાનમંત્રીશ્રીના સ્વાગત માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કરશે.

ગ્રેટ હોલ ઓફ પીપલમાં પ્રધાનમંત્રીશ્રીના સ્વાગત બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચાયનાના વડાપ્રધાન તથા ભારતના રાજયોના મુખ્યમંત્રી અને ચીન પ્રોવિન્સીયલ લીડર્સના ફોરમ લોન્ચીંગ કાર્યક્રમમાં શ્રીમતી આનંદીબહેન પટેલ અને ગુજરાતનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

આ ફોરમના પ્રથમ સત્રમાં ‘ભારત અને ચીન વચ્ચેની મજબૂત વિકાસ ભાગીદારીમાં રાજયો અને પ્રાંતોની ભૂમિકા’ વિષયક સંવાદ ગોષ્ઠિમાં મુખ્યમંત્રીશ્રી ગુજરાતની સિધ્ધિગાથા સાથે રોકાણની વિપૂલ તકો તથા રાજયને બુધ્ધિસ્ટ ટૂરિઝમ સર્કીટના મહત્વપૂર્ણ સ્થળ તરીકે પ્રમોટ કરીને ચીન સાથે ઉન્નત સાંસ્કૃતિક જોડાણ વિકસાવવા માટેની પાયારૂપ ભૂમિકા રચશે. સ્ટેટસ એન્ડ પ્રોવિન્સીયલ લીડર્સ ફોરમમાં સાતત્યપૂર્ણ શહેરીકરણ-‘સસ્ટેઈનેબલ અર્બનાઈઝેશન સ્માર્ટ સિટી-સ્માર્ટ લિવીંગ’ વિષયક વિશેષ સત્રનું પણ આયોજન કરવામાં આવેલું છે.

આ ફોરમ ભારત અને ચીનના નેતાઓને બંને દેશો વચ્ચેના આર્થિક-સાંસ્કૃતિક જોડાણને વધુ સુદ્રઢ બનાવવાનું પ્લેટફોર્મ પુરૂં પાડશે.

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળ ફોરમના પ્રથમ સત્ર બાદ ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચીનના વડાપ્રધાન શ્રીયુત લી કેકિયાંગની ઉપસ્થિતીમાં ભારત-ચીન વચ્ચેના સમજૂતિ હસ્તાક્ષર સમારોહના સાક્ષી બનવાના છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બર-૨૦૧૪માં ચીનના રાષ્ટ્રપતિ શ્રીયુત ઝીગ-પીન્ગની ગુજરાત મૂલાકાત વેળાએ ચીનના ગ્વાંગડોંગ અને ગુજરાત વચ્ચે ‘સિસ્ટર પ્રોવિન્સ’ સ્થાપના માટે પ્રશ્ન કરવામાં આવ્યા હતા તેને આ ફોરમના ચર્ચા સત્રો અને મુખ્યમંત્રીશ્રીની ચાયના મૂલાકાત ફળદાયી સ્વરૂપ આપશે.

## સમસ્ત બ્રાહ્મણ સેવા પ્રતિષ્ઠાન દ્વારા જીવનસાથી પરિચય પુસ્તિકા પ્રકાશિત

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદના સમસ્ત બ્રાહ્મણ સેવા પ્રતિષ્ઠાન દ્વારા સંસ્થાના સેવા-સેતુ લગ્ન સહાય કેન્દ્ર દ્વારા જીવનસાથી પરિચય પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ જીવનસાથી પરિચય પુસ્તિકા મેળવવા મંગતા પરિવારોએ સંસ્થાના ટ્રસ્ટી મંડળના સદસ્ય અરૂણાબેન ગોરનો અથવા સંસ્થાના કાર્યાલય ૯/૧૦૨, પુજા એપાર્ટમેન્ટ, હિંમતલાલ પાર્ક, આંબાવાડી, અમદાવાદ ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

# ‘કલરવ - બાલોત્સવ ૨૦૧૫’ : બાળશિબિરમાં વિવિધ રંગમંચલક્ષી પ્રવૃત્તિઓની તાલીમ પામેલા બાળકોની ઉત્સાહસભર અભિવ્યક્તિનો અવસર

શનિવાર... તા. ૯ મીની સવારે ગાંધીનગર ટાઉનહોલનો તખ્તો રાજસ્થાન, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, કાઠિયાવાડ-ગુજરાત એમ વિવિધ પ્રદેશવાસીઓથી ઉભરાઈ ગયો હતો તો વળી છોટા ભીમ, સુપરમેન, બૅન-ટેન, બાલવીર એવાં બાળકોનાં અતિપ્રિય કેરેકટર્સનો જાણે કે ત્યાં મેળાવડો જામ્યો હતો! નવાઈ લાગે છે ને? પણ વાત જરાય ખોટી નથી.

‘કલરવ’ આયોજિત ‘બાલોત્સવ-૨૦૧૫’માં ભાગ લઈ રહેલા બાળકલાકારો વિવિધ પ્રદેશનાં લોકનૃત્યો તથા કથ્થક - ભરત નાટ્યમ્ જેવાં ‘કલાસિકલ ડાન્સીસ’ અને નાટક પ્રસ્તુત કરવા ભાતભાતની વેશભૂષામાં સજ્જ થઈ, પોતાના ‘પરફોર્મન્સ’ માટે થનગની રહ્યાં હતા. સમગ્ર માહોલ ઉત્સાહ-થનગનાટ, તાજગી-તરવરાટ, બાલસહજ નિર્દોષતા, મસ્તી-તોફાનથી ભર્યોભર્યો હતો.

બાર દિવસનાં ‘વર્કશોપ’માં વિવિધ તજજ્ઞોના પ્રેમાળ - ઘનિષ્ઠ માર્ગદર્શન હેઠળ તાલીમ પામેલાં ૫ થી ૧૪ વર્ષનાં બાળકોની અભિવ્યક્તિનો સુ-અવસર એટલે ‘કલરવ’ નો આ બાલોત્સવ.

રંગબેરંગી વેશભૂષા ને રંગભૂષામાં સજ્જ બાળકો જાણે બહુરંગી પતંગિયા જેમ આમતેમ ઉડાઉડ કરતાં હતા પણ બરોબર નવના ટકોરે દીપ પ્રાગટ્ય્ બાદ આરંભાયેલા કાર્યક્રમમાં એક સે બઢકર એક રજૂઆતમાં આ ભૂલકાંઓએ તેમની ધમાકેદાર પ્રસ્તુતિ દ્વારા તેમનામાં છૂપાયેલા આવતીકાલના આશાસ્પદ કલાકારોનાં દર્શન કરાવ્યાં.

‘વક્ર તુડ મહાકાય... સૂર્ય કોટિ સમપ્રભ... ’ એ ગણેશવંદના અને ‘મા સરસ્વતી શારદે... ’ એવી સરસ્વતી વંદનાના પ્રાર્થના નૃત્ય સાથે ‘બાલોત્સવ-૨૦૧૫’ નો મંગળપ્રારંભ થયો અને નાની બાળાઓનાં નયનરમ્ય ‘કોસ્ચ્યુમ્સ’ સુંદર ‘એકશન્સ’ સાથેના કથ્થક નૃત્યે પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતા. કથ્થક નૃત્યની આ પ્રસ્તુતિ સરાહનીય રહી કેમ કે કથ્થક જેવા શાસ્ત્રીય નૃત્ય જેવી અઘરી ‘આઈટમ્’ પણ આ બાળાઓએ ખૂબ સાહજિકતાથી રજૂ કરી. આ માટે શીખવનાર તજજ્ઞ બહેન જયંતિ બ્રહ્મભટ્ટને અભિનંદન આપવા જ પડે...

એ પછી વારો હતો ‘માઈમ’ એટલે સંવાદો કે પ્રોપર્ટીના ઉપયોગ વગર કરાતો મૂક અભિનય. પોતાની શક્તિના પ્રદર્શન માટે મથતા બે પહેલવાનો અને તેમના શાગિર્દો વચ્ચેની લડાઈ પછી ત્રીજો ટીખળીબાજ આવી તેમને કેવી પછળાટ આપે છે તે રમૂજી મૂક અભિનય ‘કિસ મેં કિતના હૈં દમ’ (ટગ ઓફ વોર) તથા બીજી માઈમ ‘મોબાઈલ મોબાઈલ... તોબા તોબા’ ની અસરકારક રજૂઆત થકી નાના ભૂલકાંઓએ સૌને હસાવ્યા અને તાળીઓ પણ મેળવી.

બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ અને સતત કાર્યરત સંસ્થા ‘કલરવ’ દ્વારા દર વર્ષે યોજાતો ‘બાલોત્સવ’ માત્ર નૃત્ય-ગરબા-રાસ-અભિનય મઢ્યો મનોરંજન કાર્યક્રમ નથી હોતો.. એમાં બાળકો માટે - સમાજ માટે સરસ સંદેશો પણ હોય એ બાબત ઉપર પણ ખાસ ભાર મૂકાય છે.

‘માઈમ’ પછી રજૂ શ્રી પ્રકાશ લાલા લિખિત લઘુ નાટિકા ‘રાજુની રામાયણ’ માં બાળ કલાકારો પોતાની વસ્તુઓ યોગ્ય જગ્યાએ જ મૂકવાની ટેવ પાડવી કેટલી જરુરી છે એ શીખ સુંદર રીતે આપી ગયા.

કાર્યક્રમના આગળના દૌરમાં ‘‘જો બોલે સો નિહાલ... જય સત્શ્રી અકાલ’’ અને ‘બલ્લે.. બલ્લે... બલ્લે...’ના બુલંદ નારાઓ સાથે છોટે છોટે પાજીઓએ ‘ભાંગડા નૃત્ય’ થી સ્ટેજને ધમધમાવી મૂક્યુ ને પ્રેક્ષાગારમાં ઉપસ્થિત બાળકો-વાલીઓમાં પણ જુસ્સો જગાવી દીધો... આ નૃત્યના સર્વ કલાકારો અને તેમને તૈયાર કરનાર તજજ્ઞભાઈ તારક પંડ્યા સાચે જ અભિનંદનના અધિકારી છે...

‘અચ્યુતમ કેશવમ્... કૃષ્ણ દામોદરમ્ વાસુદેવમ હરે... કૌન કહેતા હૈ ભગવાન આતે નહીં... મીરાં કી તરહ હમ બુલાતે નહીં...’ એ કૃષ્ણવંદના અતિ મધુર - ભાવપૂર્વક અને કર્ણપ્રિય ભજનના સથવારે રજૂ કરાયેલ ભરતનાટ્યમ્ નૃત્ય તેની સુંદર કોરિયોગ્રાફી-એકશન્સ અને બાળ કલાકારોની મનભાવન - સહજ પ્રસ્તુતિ થકી યાદગાર બની રહ્યું હતું... વેલડન કોરિયોગ્રાફર - તજજ્ઞ નૃત્યગુરુ બહેન મીતિ ભટ્ટ.

તજજ્ઞો અનુક્રમે ભાઈ તારક પંડ્યા તથા કલાગુરુ બહેન કિન્નરી પટેલની જહેમત, ચીવટ અને કૌશલ્યનાં દર્શન થયાં.

જો કે આ મંચ ઉપરથી, અલગ પ્રકારની જ વેશભૂષામાં સજ્જ, તદ્દન નવી જ કોરિયોગ્રાફીયર, સુપ્રસિદ્ધ ગાયક કીર્તિદાન ગઢવીના કંઠે ગવાયેલ અતિ હૃદયસ્પર્શી અને દીકરીના પિતાની વેદનાથી છલકાતાં ગીત ‘તેરી લાડલી છોડુંગી ના તેરા સાથ, ખમ્મા ઘણી તુને ઘણી ખમ્મા...’ ઉપર નાની નાની બાલિકાઓએ પેશ કરેલા નૃત્ય ‘તેરી લાડલી’ એ તો સામે બેઠેલાં માત-પિતાને રીતસરનાં રડાવી મૂક્યાં... આવી ભાવવિભોર કરી દેનારી કૃતિના પરફોર્મન્સ માટે બાળકલાકારો તથા તેમને શીખવનાર ગુરુ-તજજ્ઞ કિન્નરીબહેન ભારે દાદ મેળવી ગયા હતા...

**ટહૂકાર**
**પ્રકાશ લાલા**







**તજજ્ઞોનું માર્ગદર્શન, બાળકલાકારોની શક્તિઓ રંગ લાવી : કલાસિકલ ડાન્સ, લોકનૃત્યો, રાસ-ગરબા, માઈમ, નાટકોની પ્રસ્તુતિએ પ્રેક્ષકોનાં દિલ જીતી લીધા**

તો ‘પાણી જેવા કોમળ અંગે કાંટો વાગ્યો’ એ ગરબામાં તાલે ગરબે ઘૂમી ગરવી ગુજરાતણોએ સૌને નવલાં નોરતાંની યાદ અપાવી... તરણેતરની છત્રી, માથે માતાજીના માંડવડીઓ અને ગરબા ઘડાઓ સાથે, મસ્ત કોમ્બિનેશન્સવાળાં ચણિયા-ચોળી ધારણ કરેલી બાળાઓએ તેમની અનોખી પ્રસ્તુતિથી રંગ જમાવ્યો. એમાં અનુભવી માર્ગદર્શકનું કૌશલ્ય જોઈ શકાતું નથી. કોન્ગ્રેચ્યુલેશન તજજ્ઞ શ્રી નીતિન દવે.

એક પછી એક કૃતિઓ પ્રદર્શિત થઈ રહી હતી અને બાળકોમાં રહેલી સુષુપ્ત કલાશક્તિની અભિવ્યક્તિને સૌ ખૂબ હોંશથી માણીને બીરદાવી રહ્યાં હતાં... પછી એ ‘હે મેરી લાડો તુને પિયા ઘર જાના’ એ સરસ મજાનું હરિયાણવી લોકનૃત્ય હોય કે ‘બાઈ તારા વીરા મોહે પિયહરે લેજા...’ એ રાજસ્થાની લોકનૃત્ય હોય... બંને પ્રદેશની સંસ્કૃતિ, પહેરવેશ-રિવાજની છાંટ અને છટાનાં સુપેરે દર્શન કરાવતાં આ પ્રાદેશિક લોકનૃત્યોને તૈયાર કરાવવામાં, તેના ડ્રેસિસની પસંદગીમાં લેવાયેલી કાળજીમાં તેના તજજ્ઞો અનુક્રમે...

ગરબા-ડાન્સ-લોકનૃત્યો પછી આવ્યું નાટક. વેકેશનમાં રમી રમી, ટીવી જોઈ જોઈ, વીડિયો ગેઈમ્સ મચડી મચડી, વાર્તાઓ વાંચી વાંચી કંટાયેળા બાળકો બીજું શું કહી શકે તથા પોતાનું તો ખરું જ સાથે જનહિતમાં - સૌનાં સહિયારા કામોમાં પણ બાળકો મદદરુપ બની શકે એવા સરસ મેસેજને પ્રસરાવતું નાટક ‘જાત મહેનત ઝિંદાબાદ’ માં પચ્ચીસ જેટલા બાળ કલાકારોએ અભિનયમાં ઓજસ પાથર્યા... સરસ સેટીંગ્સ પાત્રાનુરુપ, વેશભૂષા-રંગભૂષા, પ્રકાશ આયોજન, ભાઈ જયદીપ વ્યાસનું લાઈવ મ્યુઝિક - બાળકોનો જીવંત અભિનય, આ બધાં પાસાંનો સમન્વય થતાં, નાટક વાચિકલમાં થોડા કચાશ છતાં પ્રેક્ષકો સુધી સરસ રીતે પહોંચ્યું... તમામ કલાકારો તથા દિગ્દર્શન ભાઈ નીતિન પટેલને અભિનંદન.

‘બાલોત્સવ-૨૦૧૫’ એના સમાપન તરફ આગળ વધી રહ્યો હતો... આ ચરણમાં રજૂ થયેલ કૃતિઓ પૈકી ભાઈ નીતિન દવે દિગ્દર્શિત રાસ ‘શ્રીજીનો રાસ ચગ્યો ઝાકમઝોળ’ ભારે જમાવટ કરી ગયો... મહારાષ્ટ્ર-ગોવા પટ્ટીના પ્રાદેશિક નૃત્ય ‘પાની રીમઝીમ બરસા’ માં તો આ પ્રાંતની ટીપીકલ ચડ્ડી - ખમીસ ને માથે માછીમાર ટોપીની વેશભૂષામાં સજ્જ બાળકલાકારો સાથે તજજ્ઞો તારક પંડ્યા - ભાવેશ ત્રિવેદી પણ ઝૂમ્યા ને બધાંને મજા કરાવી ગયા...

બહેન મીતિ ભટ્ટ અને જયતિ બ્રહ્મભટ્ટે તૈયાર કરાયેલ કથ્થક અને ભરત નાટ્યમના ‘ફ્યુઝન’ ના નવતર પ્રયોગને પણ પ્રેક્ષકોએ ખૂબ માણ્યો.

અને અંતમાં ‘બાલોત્સવ-૨૦૧૫’ માં ભાગ લેનાર તમામ ૧૫૦ જેટલા બાળકલાકારો અને તેમના તજજ્ઞશ્રીઓએ ‘હમ હૈ ઈન્ડિયાવાલે’ ફિલ્મી ગીત ઉપર ગ્રાન્ડ ફિનાલે રજૂ કર્યું ત્યારે તેમાં ‘કલરવ’ ના પ્રમુખ શ્રી કમલ કિશોર જૈન તથા અન્ય - હોદ્દેદારો, કાર્યકરોએ જોડાઈને પોતાના ઉત્સાહ-ઉમંગ - ખુશીનો ખજાનો લૂંટાવી દીધો હતો અને બાળકોના વિકાસની પ્રવૃત્તિમાં પોતાને મળતાં આનંદને અભિવ્યક્ત કર્યો હતો.

જો કે સમગ્ર કાર્યક્રમની ‘સ્પેશિયલ’ આઈટમ હતી ‘કલરવ’ ના અગ્રણી મહિલા સભ્યો કાર્યકરો સર્વશ્રી આશાબહેન સરવૈયા, વર્ષાબહેન પારેખ, મનિષા જૈન, સપના જૈન તથા તજજ્ઞો બહેન મીતિ ભટ્ટ, કિન્નરી પટેલ વગેરેએ રજૂ કરેલો ગરબો. ‘તને જોતાં જોઈ પનઘટની વાટે મારું મન મોહી ગયું...’ અને ‘વગડાની વચ્ચે દાડમડી’ ના શબ્દો પર એમણે તાળીઓના તાલે ઘૂમીને બાળકલાકારો સમક્ષ પરફેક્ટ, ફિનિશ્ડ કૃતિ કઈ રીતે રજૂ થઈ શકે તેનું જયારે નિદર્શન કર્યું ત્યારે ‘બાલોત્સવ’ના સર્વ કલાકારોએ હર્ષનાદથી સ્ટેજ ગજવી મૂક્યું હતું અને પ્રેક્ષકોએ ભારે કરતલ ધ્વનિથી તેમને વધાવી લીધાં હતા...

બાળકોમાં રહેલાં શરમ સંકોચ, સ્ટેજ ફિયર દૂર થાય, તેઓ સમૂહજીવનના પાઠ શીખે, તેમનું નિયમિત અને શિસ્તમય જીવનઘડતર થાય અને વિશેષ તો ‘અમે પણ કંઈક કરી શકીએ છીએ’ એવો આત્મવિશ્વાસ તેમનામાં પ્રગટે અને તેમની અંદર પડેલી શક્તિઓ બહાર લાવવાની તક સાંપડે એવા સર્વાંગી બાળવિકાસના ઉદ્દેશ્યો સાથે કાર્યરત - રોટરી કલબ, ગાંધીનગર સંલગ્ન સંસ્થા ‘કલરવ’ છેલ્લાં નવ વર્ષથી પ્રતિ વર્ષ મે માસમાં બાર દિવસની બાળ શિબિર યોજતી આવી છે. ‘કલરવ’નો આ ‘સમર વેકેશન વર્કશોપ’ એટલે અતિ સામાન્ય ફી લઈને બાળકોને પોતાને રસ-રૂચિ હોય તે રાસ-ગરબા, લોકનૃત્યો, શાસ્ત્રીય નૃત્યો, નાટક વગેરેની કુશળ-અનુભવી તજજ્ઞો દ્વારા પ્રાથમિક તાલીમ આપી સ્ટેજ પરફોર્મન્સ સુધી લઈ જવાની સુંદર પ્રવૃત્તિ... ડેડીકેટેક સભ્યો દ્વારા પ્રેમથી બાળકોની સંભાળ રખાય છે અને તેમને રોજ સવારે ૮ થી ૧૧.૩૦ સુધી કૌટુંબિક વાતાવરણમાં મોજ પડે એવી પ્રવૃત્તિ કરાય છે.

‘બાલોત્સવ-૨૦૧૫’ કલરવનો દસમો ઉત્સવ હતો. આ વાર્ષિક ‘બાલોત્સવ’ ઉપરાંત ‘કલરવ’ તેના સભ્ય વાચકો માટે વર્ષ દરમિયાન રાજયપાલશ્રી, મુખ્યમંત્રી અથવા જાહેર ક્ષેત્રની સફળ-નામાંકિત વ્યક્તિની મુલાકાત, કોઈ સેન્ચ્યુરી કે એવા વિશેષ ભૌગોલિક સ્થળનો પ્રવાસ જેવા વિશિષ્ટ ને જ્ઞાનવર્ધક કાર્યકર્મોનું પણ આયોજન કરે છે.

બાળકો માટે આવી સાતત્યપૂર્ણ રીતે પ્રવૃત્તિ કરવા માટે ‘કલરવ’ના સૂત્રધારોને નગરના વાલીઓ અને બાળકો વતી અભિનંદન...